# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-04-2026** **EVENING: 7.50 TO 8.00**

**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

****************************************************

1) **પશ્ચિમ બંગાળમાં પહેલા તબક્કા અને તમિલનાડુમાં એક જ તબક્કા માટેની વિધાનસભા ચુંટણી માટે આવતીકાલે મતદાન.**

2) **સરકારે જણાવ્યું કે દેશમાં ખનીજ તેલ અને ગેસનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવી રહ્યો છે.**

3) **ભારત અને બ્રિટને હિન્દ પ્રશાંત ક્ષેત્રમાં વર્તમાન પડકારોનો સામનો કરવા અને સુરક્ષાને મજબૂત બનાવવા સહયોગ કરવા સંમતિ દર્શાવી.**

4) **ભારત અને ન્યુઝીલેન્ડ આગામી અઠવાડિયે મુક્ત વેપાર કરાર FTA પર હસ્તાક્ષર કરવાની ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રીની જાહેરાત.**

5) **IPL ક્રિકેટમાં લખનઉ ખાતે રાજસ્થાન રોયલ્સ અને લખનઉ સુપરજાયન્ટ્સ વચ્ચે મુકાબલો.**

..........................................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# ELECTION - TN WB

પશ્ચિમ બંગાળમાં પહેલા તબક્કા અને તમિલનાડુમાં એક જ તબક્કા માટેની વિધાનસભા ચુંટણી માટે આવતીકાલે મતદાન યોજાશે. બંને રાજ્યોમાં વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

પશ્ચિમ બંગાળમાં 16 જિલ્લાઓની 152 બેઠકો માટે આવતીકાલે મતદાન થશે. જેમાં એક હજાર 478 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. રાજ્યમાં બીજા તબક્કાનું મતદાન ૨૯ એપ્રિલે યોજાશે.

દરમિયાન તમિલનાડુમાં પણ આવતીકાલે રાજ્યની તમામ 234 વિધાનસભા બેઠકો માટે એક જ તબક્કામાં મતદાન થશે. રાજ્યમાં પાંચ કરોડ 73 લાખથી વધુ મતદારો છે.

તમિલનાડુના મુખ્ય ચૂંટણી અધિકારી અર્ચના પટનાયકે જણાવ્યું છે કે રાજ્યમાં આવતીકાલની ચૂંટણી માટે તમામ વ્યવસ્થા પૂર્ણ થઈ ગઈ છે. તૈયારીઓની સમીક્ષા કર્યા પછી આજે પત્રકારોને સંબોધતા તેમણે કહ્યું કે ચૂંટણી પંચે યાદગાર ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે પૂરતા પગલાં લીધા છે.

# ECI- TN WB

ચૂંટણી પંચે તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીઓ અને પેટાચૂંટણીઓ દરમિયાન એક હજાર કરોડ રૂપિયાથી વધુ રકમ જપ્ત કરી છે. પંચે અહેવાલ આપ્યો છે કે પશ્ચિમ બંગાળમાં 472 કરોડ રૂપિયાથી વધુ રકમ જપ્ત કરવામાં આવી છે, જેમાં રોકડ, દારૂ, માદક દ્રવ્યો, કિંમતી ધાતુઓ અને મફત ભેટ સોગાતનો સમાવેશ થાય છે. જ્યારે તમિલનાડુમાં 599 કરોડ રૂપિયાથી વધુ રકમ જપ્ત કરવામાં આવી છે. પંચે જણાવ્યું હતું કે આદર્શ આચારસંહિતાના કડક અમલને સુનિશ્ચિત કરવા માટે તાત્કાલિક કાર્યવાહી અને ખાસ નિરીક્ષણ માટે બંને રાજ્યોમાં પાંચ હજારથી વધુ ફ્લાઇંગ સ્ક્વોડ અને પાંચ હજાર ત્રણ સો થી વધુ સર્વેલન્સ ટીમો તૈનાત કરાઇ છે.

પંચે અધિકારીઓને મુક્ત, ન્યાયી અને પ્રલોભન-મુક્ત ચૂંટણીઓ સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે. અમલીકરણ પ્રવૃત્તિઓ સંબંધિત ફરિયાદોના નિવારણ માટે જિલ્લા ફરિયાદ સમિતિઓની પણ રચના કરવામાં આવી છે.

# INTER-MINISTERIAL BRIEFING

સરકારે આજે જણાવ્યું કે દેશમાં ખનીજ તેલ અને ગેસનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવી રહ્યો છે. નવી દિલ્હીમાં પશ્ચિમ એશિયા સંઘર્ષ અંગે આંતર-મંત્રીસ્તરીય બ્રીફિંગમાં  પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે સરકારે દેશમાં LPG, કુદરતી ગેસ, પેટ્રોલ અને ડીઝલનો સામાન્ય પુરવઠો સુનિશ્ચિત કરવા માટે અસરકારક પગલાં લીધાં છે અને સ્થાનિક LPG પુરવઠો સામાન્ય છે.

## (BYTE : SUJATA SHARMA)

ઉધ્યોગ અને આંતરિક વેપાર સંવર્ધન વિભાગ DPIIT ના સંયુક્ત સચિવ નિધિ કેસરવાણીએ પણ પશ્ચિમ એશિયા કટોકટી દરમિયાન સરકારે લીધેલા પગલાં અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે પેટ્રોલિયમ અને વિસ્ફોટક સુરક્ષા સંગઠન હેઠળના વિભાગે ઇંધણ અને ગેસનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવા માટે ઘણી પ્રવૃત્તિઓ અને સુવિધા માટેના આદેશો જારી કર્યા છે. તેમણે ઉમેર્યું હતું કે સંકુચિત અને કુદરતી ગેસ અને બાયોગેસ માટે વિતરણ કેન્દ્રો માટે લાઇસન્સિંગ પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવી છે. શ્રીમતી નિધિએ ઉમેર્યું કે 467 અરજીઓમાંથી 157 વિતરણ કેન્દ્રો માટે અંતિમ લાઇસન્સ જારી કરાયા છે. બાયોગેસ સિલિન્ડર ભરવા વધારાના 41 અને સંગ્રહ પ્લાન્ટને પણ મંજૂરી આપવામાં આવી છે.

# RAJNATH - GERMANY

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે બર્લિનમાં તેમના જર્મન સમકક્ષ બોરિસ પિસ્ટોરિયસ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી.

જેથી યુરોપિયન રાષ્ટ્ર સાથે વ્યૂહાત્મક સંરક્ષણ ભાગીદારીને મજબૂત બનાવી શકાય. બંને મંત્રીઓએ સંરક્ષણ સાધનોના સહ-વિકાસ અને સહ-ઉત્પાદન સહિત દ્વિપક્ષીય સુરક્ષા અને સંરક્ષણ બાબતોની ચર્ચા કરી. તેમણે વ્યૂહાત્મક ભાગીદારીના મુખ્ય સ્તંભ તરીકે લશ્કર-થી-લશ્કરી સહયોગ વધારવાની પ્રતિબદ્ધતાને પણ પુનઃપુષ્ટિ કરી.

બેઠક દરમિયાન સંરક્ષણ ઔદ્યોગિક સહકાર રોડમેપ અને યુએન શાંતિ રક્ષા તાલીમમાં સહકાર માટે અમલીકરણ વ્યવસ્થા પર હસ્તાક્ષર અને આદાન-પ્રદાન કરવામાં આવ્યું. સંરક્ષણ મંત્રીએ જર્મનીની તેમની મુલાકાતને મિત્રતા અને વિશ્વાસનું પ્રતીક ગણાવ્યું.

શ્રી સિંહે કહ્યું કે તાજેતરની ભારત-યુરોપિયન સંઘ સુરક્ષા અને સંરક્ષણ ભાગીદારી સામૂહિક જોડાણને વધુ ગાઢ બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે.

# INDIA UK TALKS

ભારત અને બ્રિટને હિન્દ પ્રશાંત ક્ષેત્રમાં વર્તમાન પડકારોનો સામનો કરવા અને સુરક્ષાને મજબૂત બનાવવા માટે સહયોગ કરવા સંમતિ દર્શાવી છે. યુકેની તેમની મુલાકાત દરમિયાન ભારતીય સંરક્ષણ દળોના વડા જનરલ અનિલ ચૌહાણે યુકેના સંરક્ષણ દળોના વડા એર ચીફ માર્શલ સર રિચાર્ડ નાઈટન સાથે વાતચીત કરી. બંને પક્ષોએ સાયબર ધમકીઓ સહિત વૈશ્વિક મુદ્દાઓને ઉકેલવા અને શાંતિપૂર્ણ તથા સમૃદ્ધ હિન્દ પ્રશાંત ક્ષેત્રને આગળ વધારવા માટે તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. જનરલ ચૌહાણે રોયલ કોલેજ ઓફ ડિફેન્સ સ્ટડીઝના પ્રોફેસરો સાથે પણ વાતચીત કરી અને ઉભરતી લશ્કરી વ્યૂહરચનાઓ અંગે વરિષ્ઠ અધિકારીઓને માહિતી આપી. તેમણે ઉત્પાદન ટેકનોલોજી ટ્રાન્સફર અને સપ્લાય ચેઇનમાં સહયોગ વધારવા માટે યુકેના સંરક્ષણ ઉદ્યોગના અગ્રણીઓ સાથે પણ મુલાકાત કરી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# NEW ZEALAND PM-INDIA

ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સને આજે જાહેરાત કરી કે ભારત અને ન્યુઝીલેન્ડ આગામી અઠવાડિયે મુક્ત વેપાર કરાર FTA પર હસ્તાક્ષર કરશે, જે દ્વિપક્ષીય આર્થિક સંબંધોને વધુ મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. આ કરારને એક મોટી આર્થિક સફળતા ગણાવતા શ્રી લક્સને કહ્યું કે તે ન્યુઝીલેન્ડના નિકાસકારોને ભારતના 140 કરોડ ગ્રાહકોના વિશાળ બજારમાં પ્રવેશ પ્રદાન કરશે. કરારના રાજકીય અને આર્થિક મહત્વ પર ભાર મૂકતા, તેમણે કહ્યું કે આ કરાર લાંબા સમયથી ચાલતી પ્રતિબદ્ધતાને પૂર્ણ કરશે.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 26-મી તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 133-મી કડી હશે.

આ કાર્યક્રમ માટે લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800 પર તેમજ નરેન્દ્ર મોદી ઍપ અથવા માય GOV ઑપન ફૉરમના માધ્યમથી પણ ઑનલાઈન મોકલી શકે છે. શ્રોતાઓ 1922 પર મિસ્ડ કૉલ કરીને સીધા જ પ્રધાનમંત્રીને પોતાના મંતવ્ય મોકલી શકે છે. મંતવ્ય મોકલવાની છેલ્લી તારીખ 24 ઍપ્રિલ રહેશે.

# GADKARI- SAVE EARTH CONCLAVE

માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ ભારપૂર્વક જણાવ્યું કે ખેડૂતોને ફક્ત ખોરાક આપનારા તરીકે જ નહીં, પણ ઉર્જા ઉત્પાદક તરીકે પણ સશક્ત બનાવવા જોઈએ. શ્રી ગડકરીએ નવી દિલ્હીમાં સેવ ધ અર્થ કોન્ક્લેવના બીજા સંસ્કરણને સંબોધતા આ વાત કહી હતી. કેન્દ્રીય મંત્રીએ રિસાયક્લિંગ અને બાયો-એનર્જી ઉત્પાદન દ્વારા કચરાને સંપત્તિમાં રૂપાંતરિત કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

જળ સંરક્ષણનું મહત્વ જણાવતા મંત્રીએ કહ્યું કે નદી-જોડાણ પ્રોજેક્ટ્સ સહિત જળ સંસાધનોનું યોગ્ય સંચાલન પૂર અને દુષ્કાળ બંને પહોંચી વળવા મદદ કરી શકે છે. શ્રી ગડકરીએ પ્રદૂષણ ઘટાડવા અને આયાત પર નિર્ભરતા ઘટાડવા માટે ઇથેનોલ, સીએનજી અને ઇલેક્ટ્રિક ગતિશીલતા જેવા વૈકલ્પિક ઇંધણને પ્રોત્સાહન આપવાનું પણ આહ્વાન કર્યું.

શ્રી ગડકરીએ જણાવ્યું કે આબોહવા પરિવર્તન અને પર્યાવરણીય અધોગતિ માનવ જીવન માટે ગંભીર પડકારો ઉભા કરે છે જેથી પૃથ્વીને બચાવવા માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂર છે. તેમણે કહ્યું કે પર્યાવરણીય સંરક્ષણ માટે વ્યવહારુ ઉકેલો અને સામૂહિક પ્રયાસોની જરૂર છે.

# EVE IPL TOSS

IPL ક્રિકેટમાં, રાજસ્થાન રોયલ્સે લખનઉના ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે લખનઉ સુપર જાયન્ટ્સ સામે 4 ઓવરમાં 3 વિકેટે 32 રન બનાવ્યા છે. અગાઉ લખનઉ સુપર જાયન્ટ્સે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો.

દરમિયાન ગઈકાલે રાત્રે હૈદરાબાદમાં સનરાઇઝર્સ હૈદરાબાદે દિલ્હી કેપિટલ્સ સામે 47 રનથી વિજય મેળવ્યો હતો.